**<u>અમદાવાદ શહેરના મહે.એડી.સેશન્સ જજ અને સ્પે.જજ સાહેબની કોર્ટ નં.૧૮ માં , મુ.અમદાવાદ</u>**

## <u>સમરી નં.૨૦૫/૨૦૨૩(ઈલેકટ્રીસીટી)</u>

## <u>આંક–૧ લગત હુકમ</u>

સદર કામના આરોપી વિરૂધ્ધ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, સાબરમતિ, અમદાવાદના સેકન્ડ ગુના રજી.નં.૪૭૦૮/૨૦૧૮ થી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)એ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલો જે અન્વયે તપાસ કરનાર અમલદાર દ્ધારા ક્રિ.પ્રો.કોડ કલમ–૧૭૩ મુજબનો અહેવાલ રજુ કરી જણાવેલ છે કે આ કામના આરોપીએ ફરિયાદ વાળા બિલની રકમ ભરપાઇ કરી દીધી છે જે જોતા આ કામે ફરિયાદ વાળા બિલની તમામ રકમ ફરિયાદી સંસ્થામાં ભરપાઇ થઇ ગયેલ હોય હાલના આરોપી સામે નોંધાયેલ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની રહેતી ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

આ કામના આરોપીને ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૫૨ અન્વયે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫(૧)એ મુજબના ગુનામાંથી મુકત કરવામાં આવે છે અને તે પ્રમાણે હાલની સમરી મંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૯ મી માહે–સપ્ટેમ્બર સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ– ૯–૯–૨૦૨૩

**(સારંગા વી.વ્યાસ)**
એડી.સેશન્સ જજ અને સ્પે.જજ
લોક અદાલત
સિટી સેશન્સ કોર્ટ નં.૧૮,
અમદાવાદ શહેર
યુનીક આઇ.ડી.કોડ નં.GJ00675

પી.જે.રાઠોડ